# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી.પી.ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ

" શ્રીકુંજ " સ્ટેશન રોડ, પાટણ

ફોન : ૨૩૦૦૬૮, ૨૨૦૨૨૮, ૨૩૦૮૦૮, ૨૨૧૩૪૭

Email : dptco123@gmail.com. Website: www.dpthakker.com


==========================================================

તારીખ : ૩૧/૩/૨૦૧૭

ભાઈશ્રી,

આવતીકાલ તારીખ ૧–૪–૨૦૧૭ થી નવું નાણાંકીય વર્ષ શરૂ થાય છે એટલે ઈન્કમટેક્ષ કાયદામાં તા. ૧–૪–૨૦૧૭ થી અમલમાં આવેલા સુધારા સમજીને અમલ કરવો પડે તે મુખ્ય મુખ્ય નીચે મુજબ છે.

(૧) રોકડથી ખેડૂત સિવાયની ખરીદી અને ખર્ચ અત્યાર સુધી રૂા.૨૦,૦૦૦/– સુધી કરી શકતા હતાં તે મર્યાદા ઘટાડીને રૂા. ૧૦,૦૦૦/– કરી છે. એટલે હવેથી આવો ખર્ચ રોકડેથી રૂા. ૧૦,૦૦૦/– ની મર્યાદામાં કરી શકાશે.

(૨) જે મીલકતનો ઘસારો મલવાપાત્ર છે તેવી મીલકત અંગેનો ખર્ચ જો રૂા.૧૦,૦૦૦/ થી વધુ હોય તો રોકડેથી થઈ શકે નહી કારણ આવી રોકડેથી કરેલી ખરીદી ઉપર ઘસારો મલશે નહીં. એટલે ધંધા અંગેની ખેડૂત સિવાયની ખરીદી અને ખર્ચ તથા ઘસારો મલવાપાત્ર મિલકતની ખરીદી રૂા. ૧૦,૦૦૦/–થી વધુ હોય તો એકાઉન્ટ પેયી ચેક / ડ્રાફટ / ECS થી જ કરવી.

(૩) ઉપરોકત રોકડેથી ખર્ચ કરવાની રૂા.૧૦,૦૦૦/–ની મર્યાદામાં ટ્રાન્સપોર્ટ ભાડું ચુકવવા માટે અપવાદરૂપે હાલની જોગવાઈ મુજબ રૂા. ૩૫,૦૦૦/– સુધીની રોકડેથી ચુકવણી ચાલુ રાખેલ છે.

(૪) <u>રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમના રોકડના વ્યવહારો</u> :–

(૧) કોઈપણ વ્યકિત એક દિવસમાં એક સાથે કે ટુકડે ટુકડે કોઈપણ વ્યકિત પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– કે વધુ રોકડા સ્વીકારશે નહીં.

(૨) અથવા આ રીતે કોઈ એક વ્યવહાર પેટે કે કોઈ પ્રસંગના વ્યવહારો પેટે રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ રોકડેથી સ્વીકારી શકશે નહી.આ જોગવાઈને નીચેના દ્રષ્ટાંતથી સમજવી અનુકુળ રહેશે :–

(૧) એકજ બેંકમાંથી એકજ દિવસે રૂા. ૨,૦૦,૦૦૦/– કે વધુ રકમ રોકડેથી ઉપાડી શકાય નહી.

(૨) તેવી જ રીતે કોઈ ભાગીદાર પોતાની ભાગીદારી પેઢીમાંથી આ રીતે રોકડેથી રકમ ઉપાડી શકશે નહી.

(૩) કોઈપણ જંગમ મીલકત જેવી કે મોટરકાર, ફર્નિચર, મશીનરી વિગેરેના વેચાણની રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ રોકડેથી સ્વીકારી શકશે નહી.

(૪) માલના વેચાણની કે સર્વિસીસ જેમ કે હોસ્પિટલનું બીલ વિગેરેની રકમ આ રીતે રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ રોકડેથી સ્વીકારી શકશે નહી.

(૫) ઉપરોકત જોગવાઈ કોઈ એક વ્યવહાર પેટે કે કોઈ પ્રસંગના વ્યવહારો પેટે લાગુ પડે છે તેથી આવી રીતે ટુકડે ટુકડે પણ રૂપીયા ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ સ્વીકારી શકશે નહી.

(૬) આ જોગવાઈ જોતાં મુળ સવાલ ઉભો થાય છે કે ખેડૂત પાસેથી ખરીદી કે ખેડૂતના માલનું કમીશનથી વેચાણ કરનાર એજન્ટ કે આડતીયા રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમનો વ્યવહાર રોકડેથી કરી શકે ને નહી. ?

અમારા મત પ્રમાણે આ વ્યવહાર થઈ શકે નહીં એટલે ખેડૂત પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની ખરીદી એકજ દિવસે એક બીલથી રોકડેથી થઈ શકે નહી અને તેવી જ રીતે કમીશન એજન્ટ પણ આડતથી ખેડૂતના માલનું એકજ દિવસે કરેલ રૂા.૨,૦૦,૦૦૦/–કે તેથી વધુ રકમના વેચાણનું પેમેન્ટ રોકડેથી આપી શકે નહી.

(૭) પરંતુ એક જ દિવસે એકજ ખેડૂત પાસેથી એકજ બીલથી રૂા. ૨,૦૦,૦૦૦/– થી ઓછી રકમની ખરીદી કરી હોય અથવા આ રીતે કમીશન એજન્ટે એકજ દિવસે એકજ ખેડૂતનો માલ રૂા.૨,૦૦,૦૦૦/– થી ઓછી રકમનો વેચાણ કરેલ હોય તો ઉપરોકત જોગવાઈ લાગુ પડે નહીં. અને આ રીતના વ્યવહાર અલગ અલગ દિવસોએ આ મર્યાદાની અંદર કરેલા હોય તો પણ ઉપરોકત જોગવાઈ લાગુ પડે નહીં.

(૮) બેંકમાં એકજ ખાતામાં એકજ દિવસે રૂા.૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ ભરી શકાય તેવી જોગવાઈ કરેલ છે. અને તેવીજ રીતે ગર્વમેન્ટના કોઈ ભરણા રોકડેથી કરવાના હોય તો રૂા.૨,૦૦,૦૦૦/ થી વધુ કરી શકાય.

(૯) આ જોગવાઈમાં કેટલીક છૂટછાટના કીસ્સા નોટીફીકેશન ધ્વારા જાહેર કરશે. પરંતુ હજુ સુધી કોઈ અપવાદ જાહેર કરવામાં આવેલ નથી.

(૧૦) <u>ઉપરોકત જોગવાઈના ભંગ બદલ પેનલ્ટી</u> :–

(૧) ઉપરોકત જોગવાઈના ભંગ માટેની પેનલ્ટી રૂા.૨,૦૦,૦૦૦/ કે તેથી વધુ રકમ સ્વીકારનાર – લેનાર ઉપર નાંખેલ છે.

(૨) રૂા.૨,૦૦,૦૦૦/– કે વધુ રકમ લેનારે જેટલી રકમ લીધી હોય તેટલી રકમનો ૧૦૦% દંડ–પેનલ્ટી ભરવાનો થાય.

(૩) એટલે પેનલ્ટી રકમ લેનાર ઉપર નાંખી છે તેથી બેંકમાંથી રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ ઉપાડવામાં આવે તો રકમ ઉપાડનાર ઉપર પેનલ્ટી થાય.

(૫) ઉપરોકત રૂા.૨,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ સ્વીકારનારને તેમના જે જે વ્યવહારોમાં મુશ્કેલી ઉભી થાય તેવુ લાગતું હોય તેમણે તેમના એસોશીયેશનો મારફતે આ અંગેની રજુઆત ફાયનાન્સ મીનીસ્ટર તથા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્ષીસમાં કરવી જોઈએ તો વ્યાજબી મુશ્કેલીઓનું નીરાકરણ અપવાદની જોગવાઈઓમાં થઈ શકે.

(૬) <u>૮ % પ્રમાણે નેટ નફો ગણવાની ફરજીયાત જોગવાઈ :–</u>

(૧) કલમ 44 AD હેઠળ તારીખ ૩૧/૩/૨૦૧૭ ના પુરા થયેલા નાણાંકીય વર્ષમાં જો કુલ ટર્નઓવર કે કુલ રીસીપ્ટસ રૂા. એક કરોડ સુધી હોય તો નફા – નુકશાન ખાતા પ્રમાણે ૮ % થી નેટ નફો ઓછો હોય તો કુલ ટર્નઓવર કે કુલ રીસીપ્ટસના ૮ % નેટ નફો ગણીને ટેક્ષ ભરવો પડે.

(૨) ઉપરોકત જોગવાઈ વ્યકિતગત કે H.U.F. કે ભાગીદારી પેઢીનો ધંધો હોય તેમને લાગુ પડે છે.

(૩) ભાગીદારી પેઢીના કેસમાં અગાઉના વર્ષોમા 8% નેટ નફો ગણીને ભાગીદારોનું વ્યાજ અને વર્કીંગ પાર્ટનરોનો પગાર બાદ મલતો હતો તે નાણાંકીય વર્ષ ૧૬–૧૭ થી એટલે કે નવા વર્ષના રીટર્ન જે ભરવાના થાય તેમાં બંધ કરેલ છે. દા.ત. કોઈ ભાગીદારી પેઢીનું ટર્નઓવર એક કરોડ હોય તો પેઢીના ધંધાના તમામ ખર્ચાઓ, ઘસારો, ભાગીદારોની મુડીનું વ્યાજ અને વર્કીંગ પાર્ટનરોનો પગાર બાદ મલી ગયો છે તેમ ગણીને નેટ નફો ૮ % લેખે રૂા. આઠ લાખ ગણાય અને તેના ઉપર રૂા. ૨,૪૭,૨૦૦/– ઈન્કમટેક્ષ ભરવો પડે.

ઉપરોકત દ્રષ્ટાંતમાં ભાગીદારી પેઢીના બદલે અંગત વ્યકિત કે H.U.F. નો કેસ હોય તો રૂા.૨,૫૦,૦૦૦/– ની માફી તથા રૂા.૧,૫૦,૦૦૦/– સુધીનું LIC / PPF નું રોકાણ બાદ મલે. અને બાકી રહેતી આવક ઉપર રૂા. ૭૨,૧૦૦/– ટેક્ષ ભરવો પડે.

(૪) પરંતુ ઉપરોકત ફરજીયાત જોગવાઈઓમાંથી છુટવું હોય તો તા. ૩૦/૯/૨૦૧૭ પહેલા ફરજીયાત ઓડીટ કરાવવું પડે.

(૫) ઉપરોકત નફાની ગણત્રી વેપાર ધંધાના ટર્નઓવર ઉપર ગણાશે. એટલે મકાન–ભાડા, પગાર, કેપીટલ ગેઈન વિગેરે ની બીજી આવક હોય તે ૮ % પ્રમાણે ગણેલ આવકમાં જુદી ઉમેરાશે.

(૬) જે વેપારીઓ કમીશન કે દલાલી કે એજન્સીનો ધંધો કરતા હોય તેમને આ જોગવાઈ લાગુ પડતી નથી.

(૭) જે વેપારીઓનું ટર્નઓવર રૂા. એક કરોડથી વધુ હોય તેમણે તારીખ ૩૦/૯/૨૦૧૭ પહેલાં ઓડીટ કરાવવું ફરજીયાત છે. (F.Y.16-17 માં)

(૮) <u>લોંગ ટર્મ કેપીટલ ગેઈનમાં સુધારા</u> :–

(૧) સ્થાવર મીલકત ઉપરનો લાંબા ગાળાનો કેપીટલ ગેઈન ગણવા માટે આવી મીલકત ૨૪ મહીનાથી વધુ સમય પહેલા ખરીદ કરેલ હોય તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણાશે. અગાઉ આ મુદત ૩૬ માસની હતી.

(૨) આવી મીલકત તારીખ ૧–૪–૨૦૦૧ પહેલાં ખરીદ કરવામાં આવી હોયતો તેની પડતર કિંમત તારીખ ૧–૪–૨૦૦૧ની માર્કેટવેલ્યુ ગણાશે. અગાઉ આ તારીખ ૧–૪–૧૯૮૧ ની ગણવામાં આવતી હતી.

(૯) <u>માસીક રૂા.૫૦,૦૦૦/– ઉપર ભાડાની ચુકવણી ઉપર T.D.S</u> :-

(૧) તારીખ ૧–૬–૨૦૧૭ થી નવી જોગવાઈ કરવામાં આવી છે કે વ્યકિત કે H.U.F. માસીક રૂા. ૫૦,૦૦૦/– કે તેથી વધુ રકમ જમીન કે મકાન ભાડાની ચુકવે તો ૫ % લેખે T,D.S કરવી પડશે.

(૨) એટલે કે આ જોગવાઈ ધંધો તથા તે સિવાયના ભાડાની ચુકવણી ઉપર પણ લાગુ પડશે. એટલે કે રહેવાના મકાનનું ભાડું રૂા. ૫૦,૦૦૦/– થી વધુ ચુકવો તો પણ T.D.S કરવી પડે. કારણ કે આ T.D.S ભરવા માટે T.D.S નંબરની જરૂર નથી.P.A.NO.ઉપરથી આ T.D.S ભરી શકાશે.

(૧૦) <u>સહકારી બેંકો અંગેની જોગવાઈ</u> :–

(૧) NPA માટે બેડ ડેબ્ટ રીઝર્વ પ્રોવીઝન કુલ આવકના ૭.૫૦ % બાદ મલે છે તે વધારીને ૮.૫૦ % કરવામાં આવેલ છે.

(૨) NPA ઉપરના લેણાં વ્યાજની રકમ જે વર્ષમાં વ્યાજ વસુલ મલે તે વર્ષમાં ટેક્ષેબલ આવક ગણાશે.

(૧૧) <u>કેટલાક અગત્યના ફેરફારોની ઝલક :–</u>

(૧) માન્ય ચેરીટી ટ્રસ્ટને રૂા. ૨,૦૦૦/– સુધીનું રોકડ દાન કલમ 80 G હેઠળ બાદ મલશે. એટલે રૂા. ૨,૦૦૦/– થી વધુ રકમનું દાન A/c Payee ચેકથી આપવું પડે.

(૨) ચેરીટેબલ ટ્રસ્ટ પોતાની આવકમાંથી અન્ય ચેરીટેબલ ટ્રસ્ટને કોર્પસ ડોનેશન આપે તો તે દાન મેળવનાર ટ્રસ્ટની આવક ગણાશે.

(૩) ધર્માદા ટ્રસ્ટના મુળ ઉદ્દેશમાં ફેરફાર કરવામાં આવે તો ૩૦ દિવસની અંદર કલમ 12 A હેઠળ અરજી કરીને માન્ય કરાવવું જોઈએ.

(૪) સહકારી બેંક પાસેથી લીધેલા ધીરાણ ઉપરના વ્યાજની રકમ રીટર્ન ભરવાની તારીખ સુધીમાં ચુકવેલી નહી હોય તો બાદ મલશે નહી.

(૫) જે વ્યકિતઓને તારીખ ૧–૬–૨૦૧૭ અગાઉ PAN મળેલા છે તેઓએ હવે પછી જાહેર કરવામાં આવે તેવા ફોર્મમાં તેમનો આધારકાર્ડ નંબર ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં જણાવવાનું ફરજીયાત કરેલ છે.એટલે આ જોગવાઈ બધાને લાગુ પડે છે.

અને આ જોગવાઈનું પાલન જો કરવામાં ન આવે તો જાહેર કરેલ તારીખ પછી આવા PAN આપોઆપ રદ થવા પાત્ર છે.

ઉપરોકત બાબતો અંગે જે કાંઈ વિશેષ માહીતીની જરૂર હોય તે માટે રૂબરૂ કે ફોનથી સંપર્ક કરવો.

કુશળ હશો.

લી.
ધીરૂભાઈ–કનુભાઈ
પીયુષભાઈ–નીખીલભાઈ